| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૯/૦૨/૨૦૨૦ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૩૩૭/૨૦૨૦**

# " હરીયાણા ખાતે યોજાયેલ ૩૮ મી ઓલ ઇન્ડિયા પોલીસ એકવેસ્ટેરીયન મીટમાં મેડલ મેળવી કરેલ પ્રશંસનીય કામગીરી "

૩૮મી ઓલ ઇન્ડિયા પોલીસ એકવેસ્ટેરીયન મીટ અને માઉન્ટેડ પોલીસ ડ્યુટી મીટ, ભોન્દસી, રાજ્ય હરીયાણા ખાતે તા.૦૫/૦૨/૨૦૨૦ થી તા.૧૪/૦૨/૨૦૨૦ દરમ્યાન યોજાયેલ જેમાં શ્રી નરસિમ્હા કોમાર, અધિક પોલીસ મહાનિદેશક, P & M નાઓના સીધા માર્ગદર્શન હેઠળ ગુજરાત માઉન્ટેડ પોલીસ ટીમે પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. આ પોલીસ મીટમાં ઘોડેસવારીની અલગ અલગ સ્પર્ધાઓ યોજાયેલ જેમાં ગુજરાત માઉન્ટેડ પોલીસની ટીમનું નેતૃત્વ કરી પોલીસ ઇન્સ. શ્રી એમ.એસ. બારોટ, અશ્વ તાલીમ શાળા, ગુ.રા. અમદાવાદ નાઓ ગયેલ હતા. જેમાં

**(૧)** પોલીસ ઇન્સ્પેકટરશ્રી એમ.એસ.બારોટ, અમદાવાદ શહેર નાઓએ અને તેમના સાથી પો.સ.ઇ. શ્રી આઇ.એસ. રાઠોડ, જીલ્લો: વડોદરા ગ્રામ્ય, મ.સ.ઇ. શ્રી આર.જે. યાદવ અને મ.સ.ઇ.શ્રી એન.એમ.તંબોલીયા જીલ્લો: કચ્છ-ભુજ નાઓએ ટીમ ટેન્ટ-પૈગીંગમાં ગોલ્ડ મેડલ મેળવેલ છે.

**(૨)** મેડલે રીલે ઇવેન્ટમાં મ.સ.ઇ.શ્રી એન.એમ.તંબોલીયા જીલ્લો: કચ્છ-ભુજ; હે.કો.શ્રી જી.એચ.મીર જીલ્લો: નડીયાદ-ખેડા અને હે.કો.શ્રી આર.બી.ઠાકોર જીલ્લો: બનાસકાંઠા નાઓએ ગોલ્ડ મેડલ મેળવેલ છે.

**(3)** વ્યક્તિગત ટેન્ટ-પૈગીંગની ઇવેન્ટમાં હે.કો.શ્રી એચ.એન.પ્રજાપતિ જીલ્લો: અમદાવાદ ગ્રામ્ય નાઓએ ભાગ લઇ બ્રોન્ઝ મેડલ મેળવેલ છે.

જે બાબતે ભારતભરમાં ગુજરાત માઉન્ટેડ પોલીસ ટીમ દ્વારા ગુજરાત પોલીસનું અને ગુજરાત માઉન્ટેડ પોલીસનું નામ રોશન કરવા બદલ મેં. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુ.રા. ગાંધીનગર અને મેં. પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓએ ગુજરાત માઉન્ટેડ પોલીસ ટીમને સન્માનીત કરી તેઓને પ્રસંશનીય કામગીરી કરવા બદલ અભિનંદન પાઠવેલ છે.







# જુગારના આરોપીની અટકાયતની વિગત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન :

## દાણા-બીલ્લાનો હારજીતનો જુગાર રમતા ઇસમોને પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ્ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ્ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ સીનીયર પોલીસ ઇન્સપેક્ટર ડી.જે.ચુડાસમા નાઓની સુચના હેઠળ સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સ.ઇ. વી.એ.હરકટ તથા મ.સ.ઇ દિનેશકુમાર મીઠાલાલ બ.ન.૭૬૧૧, પ્રો.મ.સ.ઇ.દિગ્વિજયસિંહ ભારતસિંહ તથા હે.કો. દિનકરકુમાર ભીખાભાઈ બ.નં.૩૦૪૨ એલ.આર.અરુણસિંહ યશપાલસિંહ બ.નં.૪૨૪૭ તથા એલ.આર. કિરણસિહ ગોપાલસિહ બ.ન.૧૨૪૩ તથા સાથેના સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી. જુગારની પ્રવૃત્તી નેસ્તનાબુદ કરવા સારૂ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પ્રો.પો.સ.ઇ. વી.એ.હરકટ તથા પ્રો.મ.સ.ઇ.દિગ્વિજયસિંહ ભારતસિંહ તથા નાઓની બાતમી હકિકત આધારે બંગલા એરીયા રબારી વાસ જોગણી માતાના મંદિર પાસે સોનલબેન છારાના મકાનમાં રેડ કરી નીચે જણાવેલ આરોપીઓને દાણા બીલ્લાના જુગાર રમતા રોકડા રૂપીયા ૧૭,૫૩૦/- તથા મોબાઈલ ફોન નં.૭ કિં.રૂ.૧૪,૦૦૦/- તથા ટુ વ્હિલર ૩ કિં.રૂ.૧,૨૫,૦૦૦/- તથા રૂપીયા ૧૦, ૨૦, ૫૦, ૧૦૦, ૨૦૦, ૫૦૦ ના દરના પ્લાસ્ટીકના બીલ્લા નંગ-૨૬૬ કિં.રૂ. ૦૦/૦૦ મળી કુલ્લે રૂપીયા ૧,૫૬,૫૩૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે તા.૧૮/૦૨/૨૦૨૦ ના કલાક ૧૩/૪૫ વાગે પકડી અટક કરી મેઘાણીનગર પોલીસ સ્ટેશન પાર્ટ બી ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૩૨૦૦૧૯૩/૨૦૨૦ ધી જુગાર ધારા કલમ ૪, ૫, મુજબનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે તા.૧૮/૦૨/૨૦૨૦

### આરોપીઓનું નામ સરનામુ

(૧) હર્ષદ ઉર્ફે મુંગડા જીલાભાઈ જાતે તમંચે ઉ.વ.૪૩ રહે.એફ વોર્ડ કચ્છી પાડા, ભીલ વાસ, કુબેરનગર, સરદારનગર, અમદાવાદ શહેર + ૧૧ = ૧૨

### કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી

(૧)સર્વેલન્સ પ્રો.પો.સ.ઇ.વી.એ.હરકટ (૨)મ.સ.ઇ દિનેશકુમાર મીઠાલાલ બ.ન.૭૬૧૧ (૩)પ્રો.મ.સ.ઇ. દિગ્વિજયસિંહ ભારતસિંહ (૪)મ.સ.ઇ આનંદસિંહ નાથુસિંહ બ.નં.૭૩૦૧ (૫)હે.કો. સિરાજાઅહેમદ લિયાકતાલી બ.નં.૮૩૩૮ (૬)હે.કો. દિનકરકુમાર ભીખાભાઈ બ.નં.૩૦૪૨ (૭)પો.કો. ચેતનસિંહ રાજેંદ્રસિંહ બ.નં.૮૪૬૭ (૮) એલ.આર.અરુણસિંહ યશપાલસિંહ બ.નં.૪૨૪૭ (૯)એલ.આર. કિરણસિહ ગોપાલસિહ બ.ન.૧૨૪૩ (૧૦)એલ.આર. તરંગકુમાર રમણભાઇ બ.નં. ૬૧૯ (૧૧) એલ.આર. રીતેષ નંદલાલ બ.નં.૧૧૬૪૫



# <u>"મુસ્કાન માટે રક્તદાન"</u>

## <u>ઇસનપુર પોલીસ સ્ટેશન :</u>

ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે આજરોજ "મુસ્કાન માટે રક્તદાન" સ્વૈચ્છીક રક્તદાન કેમ્પ નું આયોજન કરેલ હોય, જેમાં પોલીસ કર્મચારીઓ તેમજ સામાજિક આગેવાનો તથા સામાજિક કાર્યકરો તેમજ સામાજિક સંસ્થાઓના સભ્યો એ સ્વૈચ્છીક રક્તદાન સારૂ એકત્રીત થયા હતા.






# <u>પાસા અટકાયતીની વિગત</u>

## <u>ગુના નિવારણ શાખા :</u>

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ <u>તા.૧૮.૨.૨૦૨૦</u> નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલક્ત સબંધી, શરીર સબંધી  ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ  છે.

| | |
|---|---|
|  | સદ્દામહુસેન હનીફભાઈ શેખ રહેવાસી- મુશાનગર નવાબનગર બશીર કિરાણા સ્ટોર પાસે છપરામા શાહ આલમ અમદાવાદ શહેર તથા શાહઆલમ નગર આલા હજરત મસ્જીદપાસે બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર |

- અમદાવાદ શહેરના નિકોલ પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતાના સાગરિતો સાથે મળી ફરીયાદીઓએ પાર્કીગમા પાર્ક કરેલ મો.સા.ની ચોરી કરી લઈ જઈ ચોરી કરી મેળવેલ મો.સા.વેચાણ કરવાના ઈરાદે પોતાના કબ્જામા રાખી એકબીજાના મેળાપીપણા મા આર્થીક નાણાકીય લાભ મેળવવાના ઈરાદે જનતાને આર્થીક નુકશાન કરનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમો નામે ૧. રાકેશભાઈ મનુભાઈ આનંદભાઈ આણદાણી  રહે.મ.ન.૩૨ બજરંગ સોસાયટી આનંદ ફલેટની બાજુમા લાલ બહાદુર શાસ્ત્રી સ્ટેડીયમ બાપુનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ- ભીંગરાડ ત.લાઠી જિ.અમરેલી ૨.અશ્વીનભાઈ મનુભાઈ આનંદભાઈ આણદાણી રહે. મ.ન.૩૨ બજરંગ સોસાયટી આનંદ ફલેટની બાજુમા લાલ બહાદુર શાસ્ત્રી સ્ટેડીયમ બાપુનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ- ભીંગરાડ ત.લાઠી જિ.અમરેલી માથાભારે સ્વભાવ ધરાવનાર ઈસમ નામે વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી તેઓને વડોદરા તથા સુરત જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | રાકેશભાઈ મનુભાઈ આનંદભાઈ આણદાણી  રહે.મ.ન.૩૨ બજરંગ સોસાયટી આનંદ ફલેટની બાજુમા લાલ બહાદુર શાસ્ત્રી સ્ટેડીયમ બાપુનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ- ભીંગરાડ ત.લાઠી જિ.અમરેલી |
|  | અશ્વીનભાઈ મનુભાઈ આનંદભાઈ આણદાણી રહે. મ.ન.૩૨ બજરંગ સોસાયટી આનંદ ફલેટની બાજુમા લાલ બહાદુર શાસ્ત્રી સ્ટેડીયમ બાપુનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ- ભીંગરાડ ત.લાઠી જિ.અમરેલી |

- આ ઉપરાંત શરીરસબંધી ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૧ ઇસમ મળી **<u>કુલ્લે ૪ ઇસમો</u>** **<u>વિરુધ્ધ પાસા હુકમ કરી</u>** તેઓને વડોદરા જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.